## આણંદ કૃષિ યુનીવર્સીટી નાં વસો કેમ્પસ ખાતે “માતૃભાષા મહોત્સવ ૨૦૨૬” ની ઉજવણી અંતર્ગત પરિસંવાદ યોજાયો.

કૃષિ મહાવિદ્યાલય-વ -કૃષિ પોલીટેકનીક, આકૃયુ, વસો ખાતે તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ આણંદ કૃષિ યુનીવર્સીટીનાં માન. કુલપતિ શ્રી, ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, વસો ના સંયુક્ત ઉપક્રમે “માતૃભાષા મહોત્સવ-૨૦૨૬” ની ઉજવણીને ભાગરુપ પરિસંવાદ યોજાયો. આ કાર્યક્રમનાં પ્રેરણા તરીકે ડૉ. ભાગ્યેશ જહા અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર હતા. કાર્યક્રમનાં વક્તા તરીકે ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ, લેખક અને કવિ તથા ડૉ. જયેન્દ્ર શેખડીવાલા, લેખક અને કવિ એ હાજર રહી પ્રસંગ દીપાવેલ. આ પ્રસંગમાં મુખ્ય અતિથિ તરીકે કૃષિ મહાવિદ્યાલય તથા કૃષિ પોલીટેકનીક, વસો ના આચાર્યશ્રી ડૉ. બી. સી. પટેલે હાજરી આપેલ.

આ કાર્યક્રમ દરમિયાન કાર્યક્રમ નાં વક્તા તરીકે હાજર રહેલ ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ , લેખક અને કવિ કે જેઓએ “ગુજરાતી ભાષાસજ્જતા “ વિષય પર તથા ડૉ. જયેન્દ્ર શેખડીવાલાએ “ગુજરાતી સાહિત્ય” વિષય ઉપર વ્યાખ્યાન આપેલ. અંતે કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલીટેકનીક ના આચાર્યશ્રી ડૉ. બી. સી. પટેલ એ માતૃભાષા વિષે વિદ્યાર્થીઓને સમજ આપેલ. આ કાર્યક્રમમાં બંને કૉલેજ ના તમામ વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવેલ. આ કાર્યક્રમનું સંચાલન તથા સંયોજક ડૉ. નિખિલ જોશી,મદદનીશ પ્રાધ્યાપક દ્વારા કરવામાં આવેલ.

### કાર્યક્રમ ની ઝાંખી

















* * *